## -:નમુનો-અ:-

| **માતરના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેશ્રીની કોર્ટ સમક્ષ, મુ.માતર.<br>ચુકાદાની તારીખ : ૨૨/૦૯/૨૦૨૩<br>ફોજદારી કેસ નં : ૬૫૨/૨૦૨૨<br>આંક-** | |
|---|---|
| ગુનાની વિગત | |
| ગુનાની કલમ | ઈ. પી. કો. કલમ- ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ગુ. ર. નં. ૧૧૨૦૪૦૩૩૨૨૦૦૬૨/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | માતર, તા.માતર. જી.ખેડા |
| ફરીયાદપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એન.એન.શેઠ |
| આરોપીપક્ષ | (૧) ધર્મેશભાઈ દિનેશભાઈ સોલંકી<br>(૨) દિનેશભાઈ બચુભાઈ સોલંકી<br>(૩) મહેન્દ્રભાઈ રાજુભાઈ સોલંકી<br>(૪) જગદીશભાઈ વિષ્ણુભાઈ સોલંકી |
| રજુઆત | વિ.વ.શ્રી પી.વી.સોલંકી |

## -:નમુનો-બ:-

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૩/૦૬/૨૦૨૨ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૧૪/૦૬/૨૦૨૨ |
| આખરી અહેવાલની તારીખ | ૧૮/૧૧/૨૦૨૨ |

| | |
|---|---|
| તહોમતનામાની તારીખ | ૧૨/૦૬/૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૮/૦૯/૨૦૨૩ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૮/૦૯/૨૦૨૩ |
| ચુકાદાની તારીખ | ૨૨/૦૯/૨૦૨૩ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | લાગુ પડતુ નથી. |

## :: આરોપીની વિગત ::

| આરોપીનો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયું/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો કાર્યરીતી સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | ધર્મેશભાઈ દિનેશભાઈ સોલંકી | ૧૭/૬/૨૨ | ૧૭/૬/૨૨ | ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ | નિર્દોષ | – | – |
| ૦૨ | દિનેશભાઈ બચુભાઈ સોલંકી | ૧૭/૬/૨૨ | ૧૭/૬/૨૨ | ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ | નિર્દોષ | – | – |
| ૦૩ | મહેન્દ્રભાઈ રાજુભાઈ સોલંકી | ૧૭/૬/૨૨ | ૧૭/૬/૨૨ | ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ | નિર્દોષ | – | – |
| ૦૪ | જગદીશભાઈ વિષ્ણુભાઈ સોલંકી | ૧૭/૬/૨૨ | ૧૭/૬/૨૨ | ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ | નિર્દોષ | – | – |

## :: નમુનો ક ::

## ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

**અ. ફરિયાદપક્ષ**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સા.નં.૧ | વિજયભાઈ વિરસંગભાઈ રાઠોડ | ફરિયાદી |
| ફ.સા.નં.૨ | નિલેશભાઈ સુરેશભાઈ રાઠોડ | સાહેદ |
| ફ.સા.નં.૩ | ધર્મેશભાઈ શકતાભાઈ પરમાર | સાહેદ |

## ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

**અ.ફરિયાદપક્ષ**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૦ | વિજયભાઈ વિરસંગભાઈ રાઠોડની જુબાની. |
| ૨. | ૧૧ | ફરિયાદ. |
| ૩. | ૧૨ | નિલેશભાઈ સુરેશભાઈ રાઠોડની જુબાની. |
| ૪. | ૧૩ | ધર્મેશભાઈ શકતાભાઈ પરમારની જુબાની. |
| ૫. | ૧૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. |
| ૬. | ૧૫ | પંચનામું. |
| ૭. | ૧૬ | મેડીકલ સર્ટી. |

## :: જ જ મે ન્ટ ::

### (૧) કેસની ટુંકી હકીકત :-

ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત જોઈએ તો, આરોપીઓએ તા.૧૩/૬/૨૦૨૨ ના રોજ કલાક ૨૧/૦૦ ના વાગ્યાના સુમારે મોજે ૨૨ ના કેનાલવાળા પાસે સીંજીવાડા ગામે આરોપીઓ પૈકી આરોપી નં.૧ નાએ ફરીયાદીશ્રીને એકદમ ઉશ્કેરાઈ જઈ ગંદી ગાળો બોલી તારા ડીજેના સાઉન્ડના લીધે મારો ધંધો ચાલતો નથી તેમ કહી ફરીયાદ

સાથે ઝઘડો કરી ફરીયાદીને માર મારી તેના હાથમાનું ચપ્પુ ફરીયાદીના બરડાના પાછળના ભાગે પીઠ ઉપર મારી ઈજા કરી તેમજ આરોપી નં.૧ નું ઉપરાણું લઈ આરોપી નં.૨, ૩ , ૪ નાઓ ૫,ણ આવી જઈ ફરીયાદીને ગળદાપાટુનો માર મારી તમામે ફરીયાદી ઉપર ઉશ્કેરાઈ જઈ જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુન્હો કરતાં આ કામના ફરીયાદીએ લીંબાસી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસના અંતે હાલના આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

## <u>(૨) ન્યાયિક કાર્યવાહી :–</u>

આરોપીઓ સામે ચાર્જશીટ રજુ થતાં આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીઓને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેનાં અનુસંધાને આરોપીઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૦ અન્વયે આરોપીઓને ગુના અંગેની સમજ કરી, આંક–૪ થી આરોપી તહોમતનામું ફરમાવી, તે આરોપીને વાંચી, સંભળાવી, સમજાવીને આરોપીઓનો આંક–૫ થી ૮ ગુના અંગેનો જવાબ નોંધતા, તેમાં આરોપીઓએ 'મને ગુનો કબુલ નથી' તેમ જણાવતા, સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારૂ રાખવામાં આવેલ.

## (૩). <u>બચાવ પક્ષનો પુરાવો:–</u>

ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફે વધુ કોઈ વિશેષ પુરાવો રજુ થયેલ નથી.

આ કામે રજુ થયેલ ફરીયાદ પક્ષના પુરાવા લક્ષમાં લેતા આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ−૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

## (૪) દલીલો:

આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે તેમના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

**(૫)** ઉપર મુજબની રૂપરેખા ધરાવતા આ કેસના આખરી નિકાલ સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

### :: મુદ્દાઓ ::

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા.૧૩/૬/૨૦૨૨ ના રોજ કલાક ૨૧/૦૦ ના વાગ્યાના સુમારે મોજે ૨૨ ના કેનાલવાળા પાસે સીંજીવાડા ગામે આરોપીઓ પૈકી આરોપી નં.૧ નાએ ફરીયાદીશ્રીને એકદમ ઉશ્કેરાઈ જઈ ગંદી ગાળો બોલી તારા ડીજેના સાઉન્ડના લીધે મારો ધંધો ચાલતો નથી તેમ કહી ફરીયાદ સાથે ઝઘડો કરી ફરીયાદીને માર મારી તેના હાથમાનું ચપ્પુ ફરીયાદીના બરડાના પાછળના ભાગે પીઠ ઉપર મારી ઈજા કરી તેમજ આરોપી નં.૧ નું ઉપરાણું લઈ આરોપી નં.૨, ૩ , ૪ નાઓ ૫,ણ આવી જઈ ફરીયાદીને ગળદાપાટુનો માર મારી તમામે ફરીયાદી ઉપર ઉશ્કેરાઈ જઈ જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ઈ.પી.કો.કલમ− ૩૨૩,

૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**:: નિર્ણયો ::**

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**(૭) કા ર ણો**

(૭.૧) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૦ થી ફરીયાદી વિજયભાઈ વિરસંગભાઈ રાઠોડનાઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીથી સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આજથી એક વર્ષ અગાઉ સાંજના સમયે બનેલો. બનાવ સમયે તેમને ડી.જે.નો ઓર્ડર હોય તેઓ, ધર્મેશભાઈ શકતાભાઈ અને નીલેશભાઈ સુરેશભાઈ ઓર્ડર વાળી જગ્યાએ ડી.જે.વગાડતા હતા એ વખતે તેમના ફોનમાં ધર્મેશભાઈ દિનેશભાઈ સોલંકીનો ફોન આવેલ કે, તેમને કામ છે રાતના ૯ વાગ્યે બાવીસના નાળે ગયેલા ત્યાં આગળ ધર્મેશભાઈ તથા તેના પિતા દિનેશભાઈ તેમને કહેવા લાગેલ કે, તારે હીસાબે તેમને ડી.જે.નો ધંધો ચાલતો નથી. તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલી એ સિવાય બીજુ કાઈ બનેલ નહી. બનાવ અંગેની ફરીયાદ તેઓએ આપેલી. તેમને ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં તેમની સહી છે જે તે ઓળખે છે. જેને રજુ દા.આંક –૧૧ આપવામાં આવે છે.

આમ સદર ફરિયાદી તેઓએ આપેલ ફરિયાદને અનુરુપ પુરાવો જુબાનીમાં ન આપતાં વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે.

વિ.એ.પી.પી.શ્રીએ તેઓની ઉલટતપાસ કરવા છતાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

બચાવપક્ષે સદર ફરીયાદીની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, તેમને અત્રેની કોર્ટ બહાર રાજી ખુશીથી સમાધાન થઈ ગયેલ છે. તેઓએ કોઈના હથીયાર જોયેલ નહી.

(૭.૨) આંક–૧૨ થી સાહેદ નિલેશભાઈ સુરેશભાઈ રાઠોડનાઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીથી સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આજથી એક વર્ષ અગાઉ સાંજના સમયે બનેલો. બનાવ સમયે વિજયભાઈ સાથે ડી.જે.નો ઓર્ડર હોય તે, ધર્મેશભાઈ ઓર્ડર વાળી જગ્યાએ ડી.જે.વગાડતા હતા એ વખતે વિજયભાઈના ફોનમાં ધર્મેશભાઈ દિનેશભાઈ સોલંકીનો ફોન આવેલ કે, તેમને કામ છે રાતના ૯ વાગ્યે બાવીસના નાળે ગયેલા ત્યાં આગળ ધર્મેશભાઈ તથા તેના પિતા દિનેશભાઈ વિજયભાઈને કહેવા લાગેલ કે, તારે હીસાબે મારે ડી.જે.નો ધંધો ચાલતો નથી. તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલી એ સિવાય બીજુ કાઈ બનેલ નહી. બનાવ અંગે પોલીસે તેમનો જવાબ લીધેલો.

આમ સદર સાહેદ તેઓએ આપેલ પોલીસ રૂબરૂના નિવેદન મુજબ પુરાવો જુબાનીમાં ન આપતાં વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ તેઓની ઉલટતપાસ કરવા છતાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

બચાવપક્ષે સદર ફરીયાદીની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, તેમને અત્રેની કોર્ટ બહાર રાજી ખુશીથી સમાધાન થઈ ગયેલ છે. તેઓએ કોઈના હાથમાં હથીયાર જોયેલ નહી.

(૭.૩) આંક–૧૩ થી સાહેદ ધર્મેશભાઈ શકતાભાઈ પરમારનાઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીથી સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આજથી એક વર્ષ અગાઉ સાંજના સમયે બનેલો. બનાવ સમયે વિજયભાઈ સાથે ડી.જે.નો ઓર્ડર હોય તે, નિલેશભાઈ ઓર્ડર વાળી જગ્યાએ ડી.જે.વગાડતા હતા એ વખતે વિજયભાઈના ફોનમાં ધર્મેશભાઈ દિનેશભાઈ સોલંકીનો ફોન આવેલ કે, તેમને કામ છે રાતના ૯ વાગ્યે બાવીસના નાળે ગયેલા ત્યાં આગળ ધર્મેશભાઈ તથા તેના પિતા દિનેશભાઈ વિજયભાઈને કહેવા લાગેલ કે, તારે હીસાબે તેમને ડી.જે.નો ધંધો ચાલતો નથી. તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલી એ સિવાય બીજુ કાઈ બનેલ નહી. બનાવ અંગે પોલીસે તેમનો જવાબ લીધેલો.

આમ સદર સાહેદ તેઓએ આપેલ પોલીસ રૂબરૂના નિવેદન મુજબ પુરાવો જુબાનીમાં ન આપતાં વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ તેઓની ઉલટતપાસ કરવા છતાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

બચાવપક્ષે સદર ફરીયાદીની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, તેમને અત્રેની કોર્ટ બહાર રાજી ખુશીથી સમાધાન થઈ ગયેલ છે. તેઓએ કોઈના હાથમાં હથીયાર જોયેલ નહી.

૮. આમ ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત પુરાવો ધ્યાને લેતા આંક–૧૦ થી ફરિયાદી વિજયભાઈ વિરસંગભાઈ રાઠોડ, આંક–૧૨ થી સાહેદ નિલેશભાઈ સુરેશભાઈ રાઠોડ, આંક–૧૩ થી સાહેદ ધર્મેશભાઈ શકતાભાઈ પરમારનાઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવો પુરાવો આપેલ નથી. જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે કે તેઓને અત્રેની કોર્ટ બહાર રાજી ખુશીથી સમાધાન થઈ ગયેલ છે. આમ ફરીયાદપક્ષે રજુ

કરવામાં આવેલ પુરાવા ઉપરથી આરોપી સામે આક્ષેપાયેલ ગુનો પુરવાર થઈ શકેલ નથી. વધુમાં આ કામે આંક–૧૪ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ, આંક–૧૫ થી પંચનામું, આંક–૧૬ મેડીકલ સર્ટી રજુ કરવામાં આવેલ છે. પરંતુ સદર દસ્તાવેજી પુરાવાને સમર્થન મળે તે અંગેનો કોઈ જ પુરાવો ફરીયાદી કે સાહેદો આપતા નથી તેમજ ફરીયાદપક્ષ તરફે સદર દસ્તાવેજી પુરાવાના સમર્થનમાં કોઈ પુરાવો રજૂ થયેલ નથી. જેથી સદર દસ્તાવેજી પુરાવાઓ આરોપીઓ વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. આ કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૧૭ થી કોઈ વિશેષ પુરાવો રજુ કરવા ન માંગતા હોઈ તે અંગેનું પુરાવા બંધનું પુરશીસ આપેલ છે. ઉપરોકત તમામ કારણો ચર્ચા અને હકીકત ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ, **મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં** ઠરાવી, મુદ્દા નં.ર પરત્વે આખરી હુકમ ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો ફરમાવું છું.

**–:: હુકમ ::–**

૧. આ કામના આરોપી (૧) ધર્મેશભાઈ દિનેશભાઈ સોલંકી (ર) દિનેશભાઈ બચુભાઈ સોલંકી (૩) મહેન્દ્રભાઈ રાજુભાઈ સોલંકી (૪) જગદીશભાઈ વિષ્ણુભાઈ સોલંકીનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–ર૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ ૩ર૩, ૫૦૪, ૫૦૬(ર), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ર. મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(એ) વંચાણે લેતાં આરોપીઓએ રજુ રાખેલ ખત તથા જામીન ખત ઠરાવ જાહેર થયાના છ મહિના બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૨ મી, માહે. સપ્ટેમ્બર, સને.૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨/૦૯/૨૦૨૩
માતર.

**(પારુલ ધનખડ)**
**જયુડી. મેજી. ફ.ક., માતર.**
**જી.જે.૦૧૬૭૧**

કે.એ.આઝાદ (ગુજ.સ્ટેનો.)